
# આંધળો શિકારી

લેખન અને ચિત્રાંકન : ક્રિસ્ટિના રોદનાસ




એ આફ્રિકન ગામના લોકો ચીરોબો ને એક શાણો અને મિલનસાર માણસ માનતા હતા. એ એની સલાહ લેવા જતા અને બાળકો એની વાર્તાઓ સાંભળવા જતા. એક દિવસ ચીરોબો બીજા ગામના એક અજનબી સાથે શિકાર કરવા જાય છે. જોકે એને આંખો થી કંઈ દેખાતું ન હતું, તો પણ ચીરોબોએ પેલા અજનબી ને દેખાડી દીધું કે એ "પોતાના કાનો થી જોઈ શકે છે," "પોતાના નાક થી જોઈ શકે છે," "પોતાની ત્વચા થી જોઈ શકે છે." પણ અજનબી જયારે એને છેતરે છે, ત્યારે ચીરોબો એને બહુ જરૂરી પાઠ ભણાવે છે : ક્ષમા હ્રદય થી કરવામાં આવે છે.

# આંધળો શિકારી



લેખન અને ચિત્રાંકન : ક્રિસ્ટિના રોદનાસ



મારા માતા-પિતા માટે, જે દિલ થી જોતા શીખ્યા હતા.

ટેરેફ કેરેસે-મેકમિલન ને વિશેષ આભાર.

ક્રિસ્ટિના રોદનાસ

## લેખિકા ની ટિપ્પણી

આંધળો શિકારી એલેક્ઝાન્ડર મેકકેલ સ્મિથ ની લોક-કથાઓ ના સંકલન ચિલ્ડ્રન ઓફ વેક્સ (ઇન્ટરલિંક બુક્સ) થી પ્રેરિત છે.

આ કથા આફ્રિકા ના દક્ષિણી પ્રદેશ ની છે અને એના પાત્રો ના નામ શોના ભાષા માં થી લેવામાં આવ્યા છે. ચીરોબો નો અર્થ 'દમદાર વક્તા' થાય છે અને મુટેયે શબ્દ 'જાળ માં જાનવરો નો પકડવા' માં થી બન્યો છે.

આશા છે કે કથા નો મહત્પૂર્ણ અને દુન્યવી સંદેશ અનેક સંસ્કૃતિ ના બાળકો સાંભળશે અને સમજશે.

ક્રિસ્ટિના રોદનાસ





આજ થી થોડા જ વર્ષો પૂર્વે, આફ્રિકા માં ચીરોબો નામનો માણસ ગોળ ઝૂંપડીઓવાળા ગામમાં સાવ એકલો રહેતો હતો. એ રોજ એના બાગ માં કામ કરવા જતો. પંક્તિઓ માં લગાવેલા સૂરજમુખી ફૂલ, કોળાં અને મકાઈ ની બહુ સાવધાની થી દેખભાળ કરતો. કામ કરતે સમયે એ સુંદર ગીતો ગાતો. રંગબેરંગી પક્ષીઓ વૃક્ષો માં થી ઉડીને એના ગીત સાંભળવા આવતા.




ચીરોબો શાણો અને મિલનસાર માનવામાં આવતો હતો. લોકો ઘણીવાર એને સવાલો પૂછવા આવતા હતા, કારણકે એવું માનવામાં આવતું હતું કે એના જવાબો ક્યારેય ખોટા ન હોય. જયારે બાળકો એને મળવા આવતા ત્યારે એ જે કંઈ કરતો હોય એ છોડી ને એની સાથે હસતો અને એના કિસ્સાઓ સાંભળતો.

ગામ ના બધા લોકોને આ સ્મિત વેરતો નમ્ર માણસ ગમતો હતો. ભાગ્યેજ કોઈ ક્યારેય એ વાત પર ધ્યાન દેતા કે એ આંધળો હતો.







એક સાંજે જયારે ચીરોબો રાત ના ભોજન માટે એક વાસણ માં સૂપ માં ચમચો ફેરવી રહ્યો હતો, ત્યારે એક અજાણી વ્યક્તિ એના બાગ ને નિહારવા થોભી. "તમારો પાક તો બહુ સરસ અને ભરપૂર છે!" એણે ઉદ્દગાર કાઢ્યો.


ચીરોબો નો ચહેરો ગર્વ થી ચમકી ઉઠયો. એણે અજનબી ને પૂછ્યું કે શું એ બહુ દૂર થી આવે છે. અજનબી એ કહ્યું કે એ શિકાર કરવા નીકળ્યો છે અને એનું નામ મુટેયે છે. એનું ગામ પશ્ચિમ દિશા માં અડધા દિવસ ના પ્રવાસ જેટલું દૂર છે.

"જયારે હું ઘરે પાછો ફરીશ ત્યારે મારો કોથળો જાડા પક્ષીઓ થી ભરાયેલો હશે," એણે શેખી મારી. "ત્યારે મારુ સ્વાગત એક મહાન શિકારી તરીકે થશે!"

"મારા આંખો ની રોશની ગઈ એ પહેલા હું પણ શિકારી હતો," ચીરોબો બોલ્યો.

"આવ, મારી પાસે બેસ, આ સરસ સૂપ લે. આપણી પાસે વાતો કરવા માટે ઘણું હશે."

મુટેયે એ ખુશી થી આમંત્રણ સ્વીકાર્યું અને ચૂલા પાસે બેસી ગયો. બંને કલાકો સુધી વાતો કરતા રહ્યા, હસતા રહ્યા અને ગાતા રહ્યા.



જયારે ચંદ્ર દૂર ના વૃક્ષો થી પણ ઉપર ચઢી ગયો, ત્યારે નૌજવાન ઉઠી ને ઉભો થયો.


"આભાર, મારા મિત્ર, તારી દયા માટે," એણે કહ્યું. "શું હું બદલા માં તારે માટે કંઈ કરી શકું છું?"

ચીરોબો થોડી પળો માટે ચૂપ રહ્યો. "જો હું તારી સાથે શિકાર પર જઈ શકું તો મને ખૂબ આનંદ થશે," એણે જવાબ માં કહ્યું.


નૌજવાન હસ્યો અને બોલ્યો, "જે વ્યક્તિ જોઈ નથી સકતી એની સાથે હું શિકાર નહીં કરું."

"પણ હું જરા પણ તકલીફ નહીં આપું," ચીરોબો એ ભરોસો આપ્યો. "અને મને બીજી રીતે જોતા આવડે છે."

"તો ઠીક છે," નૌજવાન મુટેયે એ કહ્યું. "કાલે સવારે જયારે સૂર્ય ઉગશે, ત્યારે આપણે શિકાર પર નીકળશું. તું મારુ એક છટકું વાપરી શકે છે. તું જે પકડીશ એ તું રાખી લેજે."



બીજે દિવસે પરોઢિયે બંને જંગલ તરફ રવાના થયા. નૌજવાન રસ્તો દેખાડી રહ્યો હતો. એણે એક લાંબી, સીધી, ચાલવાની છડી નો એક છેડો પકડયો હતો. એની પાછળ આંધળો ચીરોબો હતો, જેણે છડી નો બીજો છેડો પકડયો હતો. એ એક સાંકડી પગદંડી પર ચાલી રહ્યા હતા જે વક્ર વૃક્ષવાટિકા માં થઈ ને જતી હતી.




અચાનક ચીરોબો એ છડી ખેંચી. એ પથ્થર ની મૂર્તિ ની જેમ સ્થિર ઉભો રહી ગયો, એના હાથ એના કાન ની પાછળ હતા. "આપણે સાવધાન રહેવું પડશે," એણે કાનાફૂસી કરી. "આસ-પાસ માં એક ચિત્તો છે."

મુટેયે એ ચારે બાજુ જોયું, પણ ચિત્તો ક્યાંય ન દેખાયો. પણ જેવું એણે ઉપર જોયું, તો એક વિચિત્ર ભાત એને દેખાઈ.

જે પગદંડી પર એ ઉભા હતા એની બરાબર ઉપર બાવળ ના વૃક્ષ ની એક ડાળ પર એક મોટો ચિત્તો લપેટાઈ ને સૂતો હતો.

જયારે બંને એ સૂતેલા જાનવર ને પાછળ છોડી ને સુરક્ષિત રીતે આગળ ગયા, ત્યારે મુટેયે એ પૂછ્યું," જે વ્યક્તિ હંમેશા અંધારા માં જીવે છે, એને ખબર કેવી રીતે પડી કે આસ-પાસ ચિત્તો છે?"

ચીરોબો એ સીધો-સાદો જવાબ આપ્યો, "હું મારા કાન થી કેમ જોવું એ જાણું છું."



બંને શાંતિપૂર્વક ગીચ જંગલ માં આગળ ચાલતા ગયા, જ્યાં ઠંડી હવામાં કલકલ વહેતા ઝરણાં નો પડઘો પડતો હતો. ચીરોબો એ ફરી છડી ને ઝાટકો માર્યો અને થોભી ગયો. એણે એની ડોક એક તરફ ઝુકાવી અને એક લાંબો શ્વાસ લીધો.


"આપણે સાવધ રહેવું પડશે," એણે ચેતવણી આપી. "જંગલી ડુક્કરો નું એક ઝૂંડ આસ-પાસ જ છે."

નૌજવાને ચારેબાજુ નજર દોડાવી, પણ એને કંઈ દેખાયું નહીં.

એ નજીક ના એક પહાડ ની ટોચ પર ચઢ્યો અને નીચે નજર કરી. જંગલી ડુક્કરો ના એક ઝૂંડ ને પસાર થતા જોતા જ એ ચકિત થઈ ગયો. એના તીક્ષ્ણ દંતશૂળ બપોર ના તડકા માં ચમકી રહ્યા હતા.

જયારે બંને શિકારી સુરક્ષિત આગળ નીકળી ગયા, ત્યારે મુટેયે એ પૂછ્યું, "હંમેશા અંધારા માં રહેવાવાળા માણસ ને એ કેમ ખબર પડી કે આસ-પાસ જંગલી ડુક્કર છે?"

ચીરોબો એ સ્મિત કર્યું અને ફક્ત એટલું જ કહ્યું, "મારા નાક થી કેમ જોવું એ મને ખબર છે."



એક વિશાળ ખીણ તરફ એ આગળ વધ્યા જ્યાં કાંટાળી ઝાડી અને ફૂલો ની સુગંધ હતી. થોડી વાર ચાલ્યા પછી ચીરોબો એ ફરી છડી ને ઝટકા થી ખેંચી અને થોભી ગયો. એણે એના પગ ફેલાવ્યા અને ઘૂંટણ ધરતી પર ટેકવી દીધા. એણે એની બંને હથેળીઓ જમીન પર રાખી.


"આપણે સાવધ રહેવું પડશે, ગેંડા આ તરફ આવી રહ્યા છે."

મુટેયે એ ગીચ ઝાડી આસપાસ ધ્યાન થી જોયું, પણ કોઈ ગેંડા ન દેખાયા.

સાવધાની થી એણે ગીચ ઝાડી એક તરફ હટાવી અને ચારે બાજુ નજર દોડાવી. અચાનક એણે લાંબી ઘાસ ને કુચલી ને આવતા ગેંડા ના એક જોડા ને જોયું.

જયારે બંને શિકારી એ ભીમકાય જાનવરો થી બચી ને આગળ નીકળ્યા, નૌજવાન મુટેયે એના મિત્ર તરફ ફર્યો. એણે પૂછ્યું, "જે વ્યક્તિ અંધારા માં રહે છે એને કેવી રીતે ખબર પડી કે ગેંડા આવે છે?"

ચીરોબો એ શાંતિ થી જવાબ આપ્યો, "મને ત્વચા થી કેવી રીતે જોવું એ આવડે છે."



બંને ખીણ તરફ સાથે આગળ વધતા ગયા અને એક છીછરા તળાવ પાસે પહોંચ્યા.

"પક્ષી અહીં પાણી પીવા આવે છે," મુટેયે એ કહ્યું. "આપણા ફંદા ગોઠવવા માટે આ સારી જગ્યા છે."


એના મિત્ર નું કહેવું માની ને ચીરોબો એ એનો ફંદો તળાવ ના કિનારે લગાવ્યો, અને મુટેયે એ એનો ફંદો એનાથી થોડે દૂર લગાવ્યો. ફંદા ને સારી રીતે છુપાવ્યા પછી નૌજવાને કહ્યું, "આપણે રાતે નજીકમાં રોકાશું અને કાલે સવારે પાછા આવીશું. ત્યારે ખબર પડશે કે આપણે શું પકડયું છે."

એ રાતે બંને એ ઘણી વાતો કરી. મુટેયે આંધળા ચીરોબો ના શાણપણ નો પ્રશંસક બની ગયો, અને એને એ બધા પ્રશ્નો પૂછ્યા જે ઘણા વખત થી એના મનમાં ઉઠી રહ્યા હતા.

બીજે દિવસે વહેલી સવારે એ તળાવ ને કિનારે શિકાર ની જગ્યા એ પહોંચ્યા. ચીરોબો ને તરત ખબર પડી ગઈ કે એમને સફળતા મળી છે. એણે ખુશ થઈને બૂમ પાડી, "આપણા ફંદા માં પક્ષી છે. હું એને સાંભળી શકું છું."

મુટેયે એ પહેલા એનો ફંદો જોયો. એણે જોયું કે એમાં એક નાની અને પાતળી બટેર ફસી હતી. એને નિરાશા તો થઈ, પણ એણે સાવધાની થી બટેર ને કાઢી ને એના બકરી ની ચામડી થી બનેલા ઝોલા માં નાખી. પછી એ બીજા ફંદા ને જોવા ગયો.

ઘૂંટણ પર પડી ને એણે નીચે જોયું તો એનું મન ઈર્ષા થી ભરાઈ ગયું. આંધળા ના ફંદા માં એક મોટું બતક હતું, જે એક ભૂખ્યા શિયાળ નું પેટ ભરવા પૂરતું હતું.




મુટેયે થોડી પળ અચકાયો, પણ બંને પક્ષીઓ ને જોઈ વિચારવા લાગ્યો, "અંધારા માં રહેવાવાળા માણસ ને ભલા એ કેમ ખબર પડશે કે એનું પંખી ક્યુ છે?"

મન પાક્કું કરીને એણે જલ્દી થી એની દુબળી-પાતળી બટેર ની જગ્યા એ મોટું બતક રાખી લીધું.

"તારું પંખી બંને માં મોટું છે," એણે ચીરોબો ને બટેર પકડાવતા કહ્યું. "એનું બહુ સરસ ખાવાનું બનશે."

ચીરોબો એ સુકલકડી બટેર ની પાંખો પંપાળી. કંઈક વિચારતા એની આંગળીઓ એની પાતળી પીઠ અને છાતી પર ફેરવી. કંઈ બોલ્યા વગર એણે એને પોતાની ઝોળી માં નાખી દીધી.

બંને શિકારીઓ એ ફંદા સમેટ્યા અને ગામભણી પાછા ફર્યા.





એ ચુપચાપ ચાલતા ગયા, અને આખરે એક જુના બાઓબાબ વૃક્ષ નીચે થાક ખાવા રોકાયા. મુટેયે પાછલી રાત ની વાતો આગળ વધારવા બેતાબ હતો. એટલે મોકો મળતા જ એણે એના મિત્ર ને એ સવાલ પૂછ્યો જે એને નાનપણ થી પરેશાન કરતો હતો.


"લોકો એક-બીજા સાથે ઝગડો શું કામ કરે છે?" એણે જાણવા ચાહ્યું.

ચીરોબો એ જવાબ માટે બહુ વાર વિચાર્યું.આખરે જયારે એણે બોલવાનું શરુ કર્યું ત્યારે એના અવાજ માં ઉદાસી હતી.

એણે ધીમે-ધીમે કહ્યું, "લોકો એટલે ઝગડો કરે છે કારણકે એ એક-બીજા પાસે થી એ લઈ લે છે જે એમનું હોતું જ નથી. જેમ તેં મારી સાથે કર્યું."

ચીરોબો નો જવાબ સાંભળી મુટેયે સ્તબ્ધ થઈ ગયો. એણે બોલવાની કોશિશ કરી પણ શબ્દો એના ગળા માં અટકી ગયા. શરમિંદા થઈ ને એણે એના ઝોલા માં થી બતક કાઢ્યું અને આંધળા ચીરોબો ના હાથો માં હળવાશ થી મૂકી દીધું.

સાવ ધીમા અવાજે એણે પૂછ્યું, "એક નિષ્ઠુર વ્યક્તિ એના મિત્ર ની માફી કેવી રીતે મેળવી શકે?"



ચીરોબો ની જ્યોતિહીન આંખો જાણે નૌજવાન શિકારી ના આત્મા માં જોતી હોય એવું લાગ્યું. એણે કહ્યું, "એના દિલ થી જોવાનું શીખી ને, જેમ તે હમણાં-હમણાં મારી સાથે કર્યું."

